# શ્રી મોતીબેન જાદવભાઈ માલાણી એજ્યુ. એન્ડ ચેરી. ટ્રસ્ટ

## સંચાલિત : લેઉવા પટેલ કન્યા છાત્રાલય ખામટા.

મુ. ખામટા, તા. : પડધરી, જી. રાજકોટ. ફોન : (૦૨૮૨૦) ૨૩૩૪૧૦

## પ્રવેશપત્ર

પ્રતિ શ્રી,
મા. મંત્રી/વ્યવસ્થાપક શ્રી,
પટેલ કન્યા છાત્રાલય,
ખામટા.

સવિનય વિનંતી કે મારા આગળ અભ્યાસ અર્થે ખામટા ખાતેના લેઉવા પટેલ કન્યા છાત્રાલયમાં પ્રવેશ મેળવવા હું ઉત્સુક છું. આ છાત્રાલયના નિયમો મે અને મારા વાલીએ કાળજીપૂર્વક અને પૂર્ણપણે વાંચ્યા છે અને તેનું ચુસ્ત પાલન કરવા આથી ખાત્રી આપું છુ. આ નિયમો અને ભવિષ્યમાં નવા નિયમો કે સુધારા સાથેના નિયમો પાલન કરવાની શરતે મને છાત્રાલયમાં પ્રવેશ આપવા વિનંતી છે મારી છેલ્લી પરીક્ષાનું ગણપત્ર આ સાથે સામેલ છે.

(૧) વિદ્યાર્થીનીનું અટક સાથે પુરૂનામ : ____________________
(૨) ગામ તાલુકો જીલ્લો : ____________________
(૩) જન્મ તારીખ : __________ જન્મ સ્થળ : __________
(૪) પિતા કે વાલીનું પુરૂ નામ : ____________________
પિતા કે વાલીનું પુરૂ સરનામું : ____________________
પિતા કે વાલીનો ધંધો : __________ ટેલીફોન નં. : __________
(૫) છેલ્લું પાસ કરેલ ધોરણ : __________ તમામ મેળવેલા ગુણના ટકા __________
(૬) કયાં ધોરણમાં પ્રવેશ મેળવવો છે : ____________________
(૭) ગામની શાળામાં કેટલા ધોરણની સગવડતા છે. : ____________________
(૮) અગાઉ કોઈ છાત્રાલયમાં રહ્યા હો તો તેનું નામ અને છુટા થવાનું કારણ : ____________________
(૯) ખામટામાં રહેલા સ્થાનિક વાલીનું નામ : ____________________
(૧૦) આ સાથે છેલ્લી પરિક્ષાનું ગુણપત્રક તથા શાળા છોડયાનું પ્રમાણપત્રની નકલ રજુ કરેલ છે.

તા.

(૧) વિદ્યાર્થીની સહી :
(૨) પિતા-વાલીની સહી :

## સંસ્થાએ ભરવાની વિગત

ક્રમ નં. :

અરજદાર વિદ્યાર્થીનીને સને ____________________ના વર્ષ માટે ૧-૨ સત્રમાં પ્રવેશ આપવામાં આવેલ છે / નથી. અને તેથી લવાજમ ફી ના રૂા. __________ પહોંચ નં. __________ તા. __________ થી જમા લીધા છે.

મંત્રીશ્રી

શ્રી ____________________ તા. __________ગૃહમાતા/વ્યવસ્થાપક

# શ્રી મોતીબેન જાદવભાઈ માલાણી એજયુ. એન્ડ ચેરી. ટ્રસ્ટ

## સંચાલિત : લેઉવા પટેલ કન્યા છાત્રાલય ખામટા.

.............................. માં દાખલ થવાના અને પાળવાના નિયમો ..............................

## (અ) પ્રવેશ અંગેના નિયમો

(૧) સંસ્થાએ જણાવેલ સમયે છાત્રાને મુકી જવાની.
(૨) છાત્રાલયમાં છાત્રાને જ રહેવા માટે જે રૂમ આપવામાં આવી હોય તેમાં જ રહી શકશે. કોઇપણ છાત્રા અતિથીને સાથે રાખી શકશે નહીં.
(૩) છાત્રાલયમાં રૂમમાં આપેલ બે પંખા, ટયુબ લાઇટ સિવાય બીજા કોઇ પણ ઉપકર્ણો છાત્રા વાપરી શકશે નહીં.
(૪) છાત્રા પોતાની પાસે ૫૦ રૂા. થી વધુ નાણા તેમજ કોઇ પણ પ્રકારના સાચાં કે ખોટા ઘરેણા રાખી શકશે નહીં.
(૫) ભોજન રહેઠાણ વસ્ત્ર તેમજ અન્ય બાબતોમાં દરેક છાત્રા સાથે એક સરખું વર્તન રહેશે. દરેક રસોઇમાં લસણ ડુંગણીનો ઉપયોગ કરવામાં આવશે જેની ખાસ નોંધ લેવી.
(૬) જીવન સાદું સ્વાલંબી અને અભ્યાસમય બનાવવા પ્રયત્નશીલ રહેવું જોઇએ. દરેક છાત્રાનું વર્તન સંસ્કારી હોવું જરૂરી છે. બીજાને અભ્યાસમાં ખલેલ પહોંચે તેવું કોઇપણ વર્તન સહન કરી લેવામાં આવશે નહીં.
(૭) કપડાં ધોવા, વાસણ માંજવા, પોતાનો રૂમ સાફ કરવો વગેરે અંગત કામ જાતે જ કરવાનું રહેશે. ઉપરાંત છાત્રાના કામ જેવા કે પીરસવું, કોઠાર કામ, રસોડામાં મદદ કરવી, સફાઇ કામ વગરે કરવાના રહેશે.
(૮) પત્ર વ્યવહાર માટે ફકત પોસ્ટકાર્ડનો જ ઉપયોગ કરવા દેવામાં આવશે. છાત્રાના માતા-પિતા સિવાય કોઈની સાથે પત્ર વ્યવહાર કરી શકાશે નહીં.
(૯) સંસ્થાએ નિયત કરેલ સમયે અને દિવસે માન્ય થયેલ વાલીને જ મળવા દેવામાં આવશે. મુલાકાત કાર્ડ વિના આવેલ વાલીને મળવા દેવામાં આવશે નહીં. મળવા આવેલ વાલીને છાત્રાના રૂમમાં પ્રવેશ માટે પ્રતિબંધ છે.
(૧૦) લગ્ન પ્રસંગમાં કંકોતરીમાં વાલીનું નામ લી. તરીકે છાપેલ હશે તેને જ બે દિવસની રજા આપવામાં આવશે. માતા-પિતા અથવા મોટા ભાઇ કે બહેનને વાલીકાર્ડ લઇને જ તેડવા આવવું.
(૧૧) સંસ્થામાંથી જાણ કર્યા વગર કોઇપણ છાત્રા બહાર નીકળી જાય અને અનિચ્છનીય બનાવ બને તો તેમાં સંસ્થાની જવાબદારી રહેશે નહીં તેને ફરીથી પ્રવેશ આપવો કે નહીં તે નિર્ણય સંસ્થાના સંચાલક દ્વારા લેવામાં આવશે.
(૧૨) છાત્રાલય કે શાળા દ્વારા કોઇપણ શૈક્ષણિક પ્રવાસ કે રમતગમત માટે બહારગામ જવાનું થાય તો પ્રવાસ દરમ્યાન કોઇપણ જાતની ઇજા કે જાનહાની માટે સંસ્થા જવાબદાર રહેશે નહીં.
(૧૩) જુની છાત્રાઓની બંને સત્રની ફી સંસ્થાએ જણાવેલ તારીખ મુજબ વાલીએ ભરવાની રહેશે નિયત તારીખ પછી ફી ભરનારને લેઇટ ફી આપવાની રહેશે.
(૧૪) વર્ષમાં કોઇપણ તારીખે દાખલ થતાં અને ઉઠાડી લેતાં આખા સત્રનું લવાજમ લેવામાં આવશે તેમણે ભરેલ ફીમાંથી કોઇપણ રકમ પરત આપવામાં આવશે નહીં.
(૧૫) છાત્રાલયમાં પ્રવેશ લેતા સમયે કોઇપણ ગંભીર પ્રકારની બિમારી હોય તો તેની વિગત અને ચાલુ સારવાર અંગે સંચાલકને જાણ કરવાની રહેશે.
(૧૬) વર્ષના અંતે છાત્રાએ રૂમ ખાલી કરવાની રહેશે અને રૂમ સાથે મળેલ ફર્નીચરનો કબજો સોંપવાનો રહેશે. તેમાં થયેલા નુકશાન માટે યોગ્ય રકમ વસુલ કરવામાં આવશે.
(૧૭) લાંબી રજાઓમાં વાલી સિવાય છાત્રાને એકલી રજા આપવામાં આવશે નહીં. તેમજ છતાં ગ્રુપમાં જવાનું થાય ત્યારે પોતાના જ ઘરે સીધું જવું સગ સંબંધીને ત્યાં તથા બહેનપણીને ત્યાં કે સીધા બહાર ફરવા જવું નહીં જો જશો તો સંસ્થાની જવાબદારી રહેશે નહીં.
(૧૮) કોઇપણ છાત્રા મોબાઇલ રાખી શકશે નહીં.
(૧૯) દરેક છાત્રાએ પોતાનું ઓળખપત્ર સાથે રાખવું ફરજીઆત છે.
(૨૦) છાત્રાલયના નિયમો મે વાંચ્યા છે અને જો તેનું ઉલ્લંઘન કરવામાં આવે તો મારી પુત્રીને ઘરે લઇ જવા બંધાઉ છું.

# શ્રી મોતીબેન જાદવભાઈ માલાણી એજ્યુ. એન્ડ ચેરી. ટ્રસ્ટ

## સંચાલિત : લેઉવા પટેલ કન્યા છાત્રાલય ખામટા.

...................... સંસ્થામાં દાખલ થતી વિદ્યાર્થીનીઓએ સાથે લાવવાની ......................

## ચીજ વસ્તુઓ

(૧) શેતરંજી કે પાથરણું
(૨) ઓઢવાની ચાદર
(૩) ઓશિકુ કવર સહિત
(૪) આસન બેસવા માટે
(૫) કાંસકી, કાસકો, તેલ
(૬) ડોલ
(૭) સાબુ ન્હાવા ધોવા માટે
(૮) સુટકેશ
(૯) થાળી, વાટકા-ર, ગ્લાસ
(૧૦) ટૂથ પેસ્ટ અને બ્રશ
(૧૧) જરૂર પુરતા કપડા, અ મર્યાદિત પોશાક પહેરવા દેવામાં આવશે નહીં.
(૧૨) ખાસ જોઈતી વસ્તુઓ સાથે લાવવી.

## બાંહેધરી

પ્રવેશ અંગેના નિયમો અને છાત્રાને પાળવાના નિયમો અને બાંહેધરી મે વાંચ્યા છે, અને તેનું જો ઉલંઘન કરવામાં આવે તો મારી પુત્રીને છાત્રાલયમાં કમી કરવા સંસ્થાને હક્ક છે અને ઘરે લઈ જવા બંધાઉ છું.

તા. : ...........................

વિદ્યાર્થીનીની સહી : ......................................

પિતા/વાલીની સહી : ...................................